Notice is hereby given to the public in general and in particular to the Borrower (s) and Guarantor (s) indicated in Column (A) that the below described immovable property(ties) described in Column (C) mortgaged/charged to the Secured Creditor, the constructive / physical possession of which has been taken as described in column (D) by the Authorised Officer of HDFC Secured Creditor, will be sold on "As is where is", "As is what is", and "Whatever there is" as per the details mentioned below :

Notice is hereby given to Borrower / Mortgagor(s) / legal heirs, legal representatives (whether known or unknown), executor(s), administrator(s), successor(s) and assign(s) of the respective Borrower(s) / Mortgagor(s)(since deceased), as the case may be, indicated in Column (A) under Rule 8(6) of the Security Interest (Enforcement) Rules 2002.

For detailed terms and conditions of the sale, please refer to the link provided in **HDFC** Secured Creditor's website i.e. **www.HDFCBANK.Com**

| SR NO | Name/s of Borrower(s)/ Mortgager(s)/ Guarantor(s)/ Legal Heirs and Legal Representatives (whether known or unknown) Executor(s), Administrator(s), Successor(s) and Assign(s) of the respective Borrower(s) / Mortgagor(s) / Guarantor(s) (since deceased), as the case may be. | Outstanding dues to be recovered (Secured Debt) (Rs.)* | Description of the Immovable Property / Secured Asset (1 Sq. mtr. is equivalent to 10.76 Sq.ft) | Type of Possession | Reserve Price (Rs.) | Earnest money deposit (Rs.) | Date of Auction and time |
|---|---|---|---|---|---|---|---|
| | A | B | C | D | E | F | G |
| 1 | **MR. PANDYA SUNIL (Borrower) MRS. PANDYA NEHAL SUNIL (Co-borrower)** | **Rs. 9,97,165/- and Rs. 1,18,961/- respectively dues as 30-Apr-25*** | All that piece and parcel of immovable property being Flat No. A-8-403 in Tower No. "A-8" on 4th Floor admeasuring 69.67 Sq. Mts of Super Built Up Area in the scheme called "MAPLE CRYSTAL" situate lying being developed on non-agricultural land having it's Revenue Survey No. 871/9 paiki on Plot No. 10whereby the scheme is developed, Mouje Village Kanknol Taluka Himmatnagar, Registration District Sabarkantha Sub-Registration District Himmatnagar. | **Physical Possession** | **12,17,000** | **1,21,700** | **29th September, 2026 11:00 AM to 12:30 PM** |
| 2 | **MR. SHARMA JAYPRAKASHBHAI (Borrower) MRS SHARMA ALPA JAYPRAKASH (Co Borrower)** | **Rs. 56,27,314/- dues as on 31-May-25*** | All that piece and parcel of immovable property being Flat No. A-6-161 situated on 16th Floor admeasuring 111.48 Sq. Mts (Super Built Up Area) together with right to use terrace at top floor in the building known as "ORCHID GREENFIELD" in "APPLEWOODS TOWNSHIPS" situated at NR. SHANTIPURA CROSS ROAD, Ahmedabad along with undivided proportionate share in the Non-Agricultural land bearing (i) Block/Survey No. 334 paiki admeasuring 7031 Sq. Mts and (ii) Block Survey No. 335 paiki admeasuring 7264 Sq. Mts of Mouje Sarkhej, Taluka Vejalpur in the District of Ahmedabad and Registration Sub District of Ahmedabad- 4 (Paldi). | **Physical Possession** | **55,50,000** | **5,55,000** | **29th September, 2026 11:00 AM to 12:30 PM** |

* together with further interest as applicable, incidental expenses, costs, charges etc. incurred up to the date of payment and/or realisation thereof.

The Authorized Officer shall not be responsible for any error, misstatement or omission on the said particulars. The bidders are therefore requested in their own interest, to satisfy themselves with regard to the above and all other relevant details/material facts and information pertaining to the above mentioned immovable properties/secured assets before submitting bids. Statutory dues like property taxes/cess and transfer charges, arrears of electricity dues, arrears of water charges, sundry creditors, vendors, suppliers and other charges known and unknown, shall be ascertained by the bidder beforehand and the payment of the same be the responsibility of the buyer of Property/Secured Asset. Wherever applicable, it is the responsibility of buyer of Secured Assets to deduct tax at source (TDS) @ of 1% of the total sell consideration on behalf of the resident owner (seller) on the transfer of immovable property having consideration equal to Rs.50 Lacs and above and deposit the same with appropriate authority u/s 194 I/A of Income Tax Act.

**Disclosure of Encumbrances**

The best of the knowledge and information of the Authorised Officer of HDFC Bank Limited, there are no encumbrances in respect of the above immovable properties/secured assets.

**Most Important Terms and Conditions**

- Minimum bid increment amount is Rs. 10,000/- for serial no. 1 and Rs. 25,000/- for serial no. 2.
- Secured Asset is available for inspection on 15th September,2026 between 10:00 AM to 5:00 PM.
- E-Auction Bid Document can be obtained on-line from the website https://eauctions.samil.in or can be obtained at HDFC BANK LIMITED, BLOCK-C, 4th FLOOR SHEETAL WEST PARK IMPERIA, NEAR ALPHA ONE MALL, VASTRAPUR AHMEDABAD: 380054.
- For any assistance related to inspection of the property, or for obtaining the E-Auction Bid Document and for any other queries, please get in touch our Authorized Partner I.e. M/s. Shriram Automall India Limited, through its Concern Person being MR. MEHUL CHAVADA, through their Centralized Mobile No. +917383529405.
- The last date of submission of bids in prescribed e-auction Bid Documents with all necessary documents and EMD in stipulated manner is **28th September, 2026**.

**Detailed Terms And Conditions.**

For detailed terms and conditions of the sale, please refer to the link provided in **HDFC Bank Limited (HDFC)** Secured Creditor's website i.e. **www.hdfc.com**

**Date : 26.08.2026**
**Place : Gujarat**

**For HDFC Bank Ltd.**
**Sd/-**
**Authorised Officer,**

**Regd Office: HDFC Bank Ltd. HDF Bank House, Senapati Bapat Marg. Lower Parel (West). Mumbai-400013.**
**CIN: L65920MH1994PLC080618 Website: www.hdfcbank.com**

### ગુજરાતમાં જુલાઈ માસમાં રોકાણકારોની સંખ્યામાં રેકોર્ડબ્રેક વધારો

# રોકાણમાં રાજકોટનો ડંકો: દેશભરમાં ટોપ-૧૦ શહેરોમાં સ્થાન: કોલકત્તા 'આઉટ'

**રાજકોટમાં ઈન્વેસ્ટરોની સંખ્યામાં સૌથી વધુ ૪૬ ટકાનો ઉછાળો: સુરત અને અમદાવાદમાં પણ રોકાણકારોનો ભારે ઉત્સાહ**

રાજકોટ તા.૨૬

નેશનલ સ્ટોક એકસચેન્જ (ગજઊ)ના તાજેતરનાં આંકડા અનુસાર, દેશનાં અન્ય તમામ મોટા રાજ્યોની સરખામણીએ જુલાઈ મહિનામાં ગુજરાતમાં શેરબજારમાં સક્રિયપણે રોકાણ કરનારા વ્યક્તિગત રોકાણકારોની સંખ્યામાં સૌથી ઝડપી વધારો નોંધાયો છે. માત્ર એક જ મહિનામાં ગુજરાતમાં સક્રિય રોકાણકારોની સંખ્યા ૧૯.૫ ટકા વધીને ૧૯.૫ લાખે પહોંચી છે. આ સાથે જ દેશનાં કુલ સક્રિય રોકાણકારોમાં ગુજરાતનો હિસ્સો વધીને ૧૫.૨ ટકા થઈ ગયો છે.

મહારાષ્ટ્ર ૨૦.૯ લાખ સક્રિય રોકાણકારો સાથે દેશમાં પ્રથમ ક્રમે જાળવી રહ્યું છે, પરંતુ જૂનની સરખામણીએ ત્યાં માત્ર ૧ ટકાનો સામાન્ય વધારો જોવા મળ્યો હતો. બીજી તરફ ઉત્તર પ્રદેશ ૧૧.૪ લાખ રોકાણકારો સાથે ત્રીજા સ્થાને છે. જોકે, ટોચનાં ૧૦ રાજ્યોમાં ગુજરાત પછી રાજસ્થાનમાં પણ રોકાણકારોનો ઉત્સાહ વધ્યો છે, જ્યાં જુલાઈમાં ૧૪ ટકાનો વૃદ્ધિદર નોંધાયો હતો.

રોકાણકારોની સંખ્યાની સાથે સાથે શેરોની લે-વેચ (ઈક્વિટી કેશ ટર્નઓવર)માં પણ ગુજરાતીઓએ નવો રસ્તો કંડાર્યો છે. જુલાઈ મહિનામાં ગુજરાતના રોકાણકારોએ રૂ. ૧.૯ લાખ કરોડનું ટર્નઓવર કર્યું હતું, જે જૂન કરતાં ૨.૯ ટકા વધુ છે. જોકે મહારાષ્ટ્ર રૂ. ૩.૪ લાખ કરોડનાં કારોબાર સાથે આગળ છે, પણ જૂનની સરખામણીએ તેના ટર્નઓવરમાં ૨ ટકાનો ઘટાડો નોંધાયો હતો.

ગુજરાતની આ સફળતામાં રાજ્યનાં મુખ્ય શહેરોનો બહુ મોટો ફાળો રહ્યો છે. અમદાવાદ ૪.૫ લાખ સક્રિય રોકાણકારો સાથે દેશભરનાં શહેરોમાં બીજા નંબરે રહ્યું છે. સૌથી મોટું સરપ્રાઈઝ રાજકોટ શહેરે આપ્યું છે, જ્યાં સક્રિય રોકાણકારોની સંખ્યા એક જ મહિનામાં ૪૬.૨ ટકા વધીને ૧.૯ લાખ થઈ ગઈ છે. આ જબરદસ્ત ઉછાળાના કારણે રાજકોટે દેશના ટોપ-૧૦ શહેરોની યાદીમાંથી કોલકાતાને બહાર કરીને પોતાનું સ્થાન બનાવી લીધું છે. આ સિવાય સુરતમાં પણ ૨૩.૧ ટકાના વધારા સાથે રોકાણકારોની સંખ્યા ૩.૨ લાખે પહોંચી છે. બજારના નિષ્ણાતોના જણાવ્યાં અનુસાર, માર્ચ મહિનામાં મધ્ય પૂર્વમાં ચાલી રહેલાં તણાવ અને યુદ્ધની સ્થિતિના કારણે શેરબજારમાં ભારે કડાકો બોલી ગયો હતો. પરંતુ હવે શેરબજાર ફરી રિકવર થઈ રહ્યું છે અને બજારમાં આવી રહેલાં અવનવા આઈપીઓને કારણે પણ નાના અને સરેરાશ રોકાણકારો ફરીથી સક્રિય થઈને રોકાણ કરવા લાગ્યા છે.

આંકડાઓ દર્શાવે છે કે શેરબજારની આ રોનક હવે માત્ર મોટા મેટ્રો શહેરો સુધી સીમિત નથી રહી, પરંતુ દેશનાં નાના-નાના જિલ્લાઓ અને ગ્રામીણ વિસ્તારો સુધી પહોંચી ગઈ છે. જુલાઈ મહિનામાં દેશનાં કુલ સક્રિય રોકાણકારોમાંથી અડધાથી વધુ (લગભગ ૫૧ ટકા) રોકાણકારો નાના અને શહેરો અને જિલ્લાઓમાંથી આવ્યાં છે.

### શેરબજારમાં સેન્સેક્સ-નિફ્ટીની વધઘટથી ઈન્વેસ્ટરો ફરી ગૂંચવાયા

# શેરબજારમાં મંદી: સોનુ તથા ક્રૂડ તૂટ્યા

**હેવીવેઈટ શેરો નબળા રહેવા છતાં રોકડામાં કરંટ, બ્રેન્ટ ક્રૂડ ૮૬ ડોલરની નીચે સરકી ગયું**

રાજકોટ, તા.૨૬

શેરબજારમાં આજે મંદીનો ઝોક રહ્યો હતો. સોના-ચાંદી તથા ક્રૂડના ભાવો પણ દબાયા હતા.

શેરબજારમાં આજે શરુઆતથી જ માનસ નિરસ બની રહ્યું હતું. બેતરફી ટુંકી વધઘટ હતી. કોઈ નવા કારણોની ગેરહાજરીથી મોટી મુવમેન્ટ નહતી. અમેરિકા-ઈરાન વચ્ચેનો તણાવ ઘટતો નથી ઉપરાંત અમેરિકા, કેનેડા, ચીન વગેરે દેશો વચ્ચે નવા ટ્રેડવોરથી ભારત પણ પ્રભાવિત થાય તેમ હોવાથી સાવચેતી હતી. દેશી-વિદેશી નાણાં સંસ્થાઓ સતત ખરીદી કરતી હોવા છતાં માર્કેટને મોટો ટેકો મળી શક્યો નહતો. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે અનિશ્ચિતતાનો માહોલ દુર ન થાય ત્યાં સુધી એક તરફી ચાલ મુશ્કેલ છે. વરસાદ ખેંચાતા અનેક રાજ્યોમાં કૃષિપાક પર જોખમ અને મોંઘવારીથી ફુગાવો વધવાની ભીતિથી પણ સાવધાની રાખવામાં આવતી હતી.શેરબજારમાં આજે હિન્દુસ્તાન ઝીંક, બેંક ઓફ મહારાષ્ટ્ર, સેઈલ, બીએસઈ, [illegible] લેબ, કફ્રૂર વૈશ્ય, એડવીટ જ્વેલ, મિલ્કી મીસ્ટ, ટાટા કેપીટલ વગેરેમાં ઉછાળો હતો. પ્રીમીયર એનર્જી, વરૂણ બ્રુવરીઝ, ડી-માર્ટ, વિશાલ મેગા માર્ટ, વોડાફોન, યસ બેંક, સનટીવી, પતંજલીમાં ઘટાડો હતો.મુંબઈ શેરબજારનો સેન્સેક્સ ૩૨ પોઈન્ટના ઘટાડાથી ૭૭૬૨૭ હતો તે ઉંચામાં ૭૭૯૮૬ તથા નીચામાં ૭૭૫૪૫ હતો. નિફ્ટી ૫૬ પોઈન્ટના ઘટાડાથી ૨૪૨૭૭ હતો. તે ઉંચામાં ૨૪૩૭૮ તથા નીચામાં ૨૪૨૫૩ હતો. સેન્સેક્સ-નિફ્ટીના આ 'રમત' જેવી વધઘટને પગલે ફરી એક વખત ઈન્વેસ્ટરો ગુંચવાયા હતા.

બીજી તરફ સોના-ચાંદીમાં વધુ ઘટાડો હતો. વિશ્વબજારમાં સોનુ ૪૬૨૨ ડોલર હતું. હાજરમાં ૪૦૦ ઘટીને ૧૬૬૩૦૦ તથા વાયદામાં ૭૦૦ ઘટીને ૧૬૨૧૫૫ હતું. હાજર ચાંદી ૨.૫૧ લાખ હતી. વાયદામાં ૭૭૫ ઘટીને ૨૪૩૩૫૦ હતી. ક્રૂડતેલમાં ઘટાડો હતો. ડબલ્યૂટીઆઈ ક્રૂડ ૭૯.૮૧ ડોલર તથા બ્રેન્ટ ક્રૂડ ૮૫.૬૮ ડોલર હતું.

### લખનૌથી બેંગ્લુરુ જઈ રહેલી

# ઈન્ડિગોની ફલાઈટને બોમ્બની ધમકી મળી

બેંગલુરુ તા.૨૬

લખનૌથી બેંગલુરુ જઈ રહેલી ઈન્ડિગોની ફલાઈટ ૬ઈ૨૩૧ બેંગલુરુ એરપોર્ટ પર લેન્ડ થવાની તૈયારીમાં હતી, ત્યારે જ ક્રૂ મેમ્બર્સને વિમાનમાં બોમ્બ હોવાની ધમકી મળી હતી. બોમ્બની ધમકીના સમાચારથી જ મુસાફરો ચિંતિત થયા હતા. પરંતુ સુરક્ષા પ્રોટોકોલને અનુસરીને પાઈલટે સવારે ૯:૪૦ વાગ્યે વિમાનનું એરપોર્ટ પર સુરક્ષિત ઉતરાણ કરાવ્યું હતું. લેન્ડિંગ બાદ તુરંત જ સુરક્ષા એજન્સીઓ અને એરપોર્ટ અધિકારીઓને જાણ કરવામાં આવી હતી.

સુરક્ષા પ્રોટોકોલ હેઠળ એજન્સીઓ દ્વારા વિમાનના આંતરિક ભાગ, પેસેન્જર સામાન અને અન્ય સંવેદનશીલ વિસ્તારોની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી છે. પ્રાથમિક તારણ મુજબ ઈન્ડિગો ફલાઈટ ૬ઈ૨૩૧ને મળેલ ધમકી અફવા કે ખોટી હોવાની આશંકા છે.

**જાહેર નોટીસ** અરજદારના વિ.વ.શ્રી એન. જે. ગોહીલ

**અમદાવાદ (ગ્રામ્ય) ના મહે અગિયારમાં એડીશનલ સીની. સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. નવરંગપુરા, બી બ્લોક, રૂમ નં. ૧૦૨**

દિ.પ.અ.નં. ૨૩૬/૨૦૨૬ મુ.તા. ૧૮/૦૯/૨૦૨૬ આંક :

અરજદાર : કમલેશભાઈ અમરશીભાઈ શાહ, રહે. ૩, જ્ઞાનદા સોસાયટી, કો.ઓ.હા.સો.લી., જીવરાજપાર્ક, વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૫૧.

બાબત : મરહુમ શાંતાબેન અમરશીભાઈ શાહના વીલનું પ્રોબેટ મેળવવા માટેની અરજી

આથી સર્વે લોકોને તથા આ કામમાં હિત તથા સંબંધ ધરાવતા સર્વે શખ્સોને આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, અરજદારના માતૃશ્રી શાંતાબેન અમરશીભાઈ શાહનું તા. ૦૪-૧૧-૨૦૦૬ ના રોજ અવસાન થયેલ છે. અરજદારના માતૃશ્રી શાંતબેન અમરશીભાઈ શાહનાઓએ તા. ૧૯-૧૦-૨૦૦૧ ના રોજ પાલડી સબ રજીસ્ટાર કચેરીમાં રજી. નં. ૨૯૨૭/૨૦૦૧ થી અરજદારની તરફેણમાં વિલ કરેલ જે વીલમાં દર્શાવેલ જંગમ મિલકત સિવાય અલગ શિડ્યુલ-એ માં દર્શાવેલ સ્થાવર મિલકત અંગેનું પ્રોબેટ સર્ટી મેળવવા માટે અરજી કરેલ છે. **મિલકતનું શિડ્યુલ-એ**

(૧) અમદાવાદ શહેરના સીટી તાલુકામાં વેજલપુર ગામમાં જીવરાજપાર્ક વિસ્તારમાં આવેલ જ્ઞાનદા સોસાયટીમાં બંગલા નં. ૩ કે જેનો મ્યુ. ટેક્ષબિલ પ્રમાણે વોર્ડ ધનલક્ષ્મી કોમ્પલેક્ષ, ટી.પી. ૫૫/૨/૩/ટી.પી.-૧, એફ.પી. નં. ૭૦ જેનો મ્યુ. ટેનામેન્ટ નં. 07300221300001T જેનુ ક્ષેત્રફળ ૧૨૫.૧૦ ચો.મી. માપ લખવામાં આવેલ છે તે મિલકત.

આ પ્રોબેટ અરજદારને આપવા સામે કોઈપણ શખ્સને વાંધો યા હરકત હોય તો તેઓ જાતે અગર માહીતગાર વકીલ મારફતે દિન-૩૦ મા અગિયારમાં એડીશનલ સીન. સીવીલ જજ સાહેબની કોર્ટ અમદાવાદ (ગ્રામ્ય) નવરંગપુરા સમક્ષ બ્લોક-બી, રૂમ નં. ૧૦૨ માં અચુક હાજર થઈ અરજી લગત વાંધા રજુ કરવા. જો તેમ કરવામાં કસુર થશે તો તમારી ગેરહાજરીમાં નામદાર કોર્ટ અરજીની આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરશે જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૫મી માહે ઓગસ્ટ સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યો.

હુકમથી
Sd/-

તૈયાર કરનાર (ડી. એસ. પટેલ) આસીસ્ટન્ટ

મુકાબલ કરનાર (એ. એ. પ્રિયદર્શી) સુપ્રિટેન્ડેન્ટ

કોર્ટનો સિક્કો

રજીસ્ટ્રાર, પ્રિન્સિપાલ સીનીયર સીવીલ કોર્ટ, અમદાવાદ (ગ્રામ્ય), નવરંગપુરા.

**Ushanti Colour Chem Limited**
CIN: L24231GJ1993PLC019444
Registered Office: 88/8, GIDC, Phase I, Vatva, Ahmedabad-382445, Gujarat, India. Ph.: 079 - 25833315 / 94903
Email Id: csucl@ushanti.com • Website: www.ushanti.com

**NOTICE OF THE 33RD ANNUAL GENERAL MEETING AND E-VOTING INFORMATION**

Notice is hereby given that the 33rd Annual General Meeting (AGM) of the Members of Ushanti Colour Chem Limited ("the Company") will be held on Saturday, 26th September, 2026 at 11:30 AM IST at registered office of the Company situated at 88/8, GIDC, Phase I, Vatva, Ahmedabad- 382445, Gujarat, India in physical mode to transact the businesses as set out in the Notices of the 33rd AGM in compliance with the applicable provisions of the Companies Act, 2013 ('Act') & Rules framed thereunder and the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 read with all applicable Circulars on the matter issued by the Ministry of Corporate Affairs ('MCA Circulars') and Securities and Exchange Board of India ('SEBI Circular') to transact the businesses as mentioned in the 33rd AGM Notice.

Pursuant to Section 101 of the Act read with Rule 18 of the Companies (Management and Administration) Rules, 2014, Regulation 36 of the Listing Regulations, Secretarial Standard on General Meetings (SS-2) and in compliance with the MCA Circulars and SEBI Circular, the Notice of 33rd AGM along with the Annual Report 2025-26 have been sent on Wednesday, 26th August 2026 by email to those members whose email addresses are registered with the Company / Registrar and Share Transfer Agent / Depositories. Members are hereby informed that the said AGM Notice and Annual Report 2025-26 are also available on the Company's website www.ushanti.com website of the Stock Exchange i.e. NSE Limited (SME Emerge) i.e. www.nseindia.com and on the website of Bigshare Services Private Limited www.ivote.bigshareonline.com.

Pursuant to Section 108 of the Act read with Rule 20 of the Companies (Management and Administration) Rules, 2014, as amended from time to time, Regulation 44 of the Listing Regulations and SS-2, the Company is providing its members the e-voting facility to cast their votes on the resolution set out in the AGM Notice by using an electronic voting system from a place other than the venue of the AGM (i.e. remote e-voting). The Company will also provide a facility of Ballot Voting to vote at the Venue of AGM, who have not cast their vote by remote e-voting. The Company has entered into an arrangement with Bigshare Services Private Limited to provide remote e-voting. A person whose name appears on the Register of Members / Beneficial Owners as on the cut-off date i.e. Saturday, 19th September 2026 shall only be entitled to avail of the remote e-voting facility during the AGM and also Ballot Voting at the venue of AGM. The documents referred to in the Notice of the AGM are available electronically for inspection by the members from the date of circulation of the Notice of the AGM. Members seeking to inspect such documents can send an e-mail to csucl@ushanti.com.

The remote e-voting period will commence on Wednesday, 23rd September 2026 (09:00 AM IST) and will end on Friday, 25th September 2026 (05:00 PM IST). During this period, the member (s) of the Company may cast their votes electronically on items mentioned in the AGM Notice. The remote e-voting shall be disabled for voting by BigShare after 05.00 P.M. IST on Friday, 25th September 2026. Once the vote on a resolution is cast by a member, any subsequent change shall not be allowed. The voting rights of the members shall be in proportion to their shares in paid-up share capital of the Company as on the cut-off date i.e. Saturday, 19th September 2026. Detailed instructions relating to remote e-voting and Ballot Voting at AGM are provided in the Notes forming part of the 33rd AGM Notice.

Any person, who becomes a member of the Company after sending of the AGM Notice by email and holding shares as on Saturday, 19th September 2026, may refer to the AGM Notice and obtain the login ID and password from the Company by sending a request at csucl@ushanti.com. Members whose email id is not registered, may refer to 'Process for those shareholders whose email addresses are not registered with the Depositories/Company/RTA for obtaining login credentials for e-voting' as detailed in 33rd AGM Notice.

In case shareholders/ investor have any queries regarding E-voting, you may refer the Frequently Asked Questions ('FAQs') and i-Vote e-Voting module available at https://ivote.bigshareonline.com, under download section or you can email us to ivote@bigshareonline.com or call us at: 022-62638338

For Ushanti Colour Chem Limited
SD/-
Minku Shantilal Gandhi
Joint Managing Director - DIN – 00118617

Date : 27th August 2026
Place : Ahmedabad

### તોતીંગ યોજનાઓમાં વિલંબ- વધતા બજેટથી વડાપ્રધાન નારાજ

# શું ફોર્થ પાર્ટી ઓડીટની જરૂર છે! મોદીની ફટકાર

**રૂ.૩૦૦૦૦ કરોડથી વધુ બજેટના વિજ-રેલવે-માર્ગ-પ્રોજેકટમાં સમયબદ્ધતા- ગુણવતા પર જોર: સીસ્ટમ આ રીતે કામ કરી શકે નહી: તાકીદ**

નવી દિલ્હી: દેશમાં જંગી ખર્ચ વાળા ઈન્ફ્રાસ્ટ્રકચર સહિતની જાહેર સુવિધાની યોજના અમલમાં વિલંબ સતત વધી રહેલા બજેટ તથા ગુણવતા સામે પણ જે રીતે પ્રશ્નો ઉભા થાય છે તેની સામે સ્પષ્ટ નારાજગી વ્યકત કરતા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે આ પ્રકારની યોજના યોજી થર્ડ પાર્ટી ઓડીટ એ એક સામાન્ય બાબત છે પણ શકય છે. આ ઓડીટ સીસ્ટમ પણ આપણે જે અપેક્ષા રાખતા હોઈએ તે મુજબ કામ કરતી ન હોય તો ફોર્થ પાર્ટી ઓડીટ તદન તટસ્થ- સ્વતંત્ર ઓડીટની જરૂર છે. ગઈકાલે શ્રી મોદીએ દેશમાં રૂ.૩૦૦૦૦ કરોડથી વધુ બજેટની યોજનાઓની સમીક્ષાની એક ઉચ્ચ કક્ષાની બેઠકમાં વડાપ્રધાને આ પ્રકારની માર્ગ, પુલો વિ. જે જાહેર હેતુના બાંધકામો છે. તેની ગુણવતા પર ચિંતા દર્શાવી હતી. આ બેઠકમાં કુલ છ મહાકાય ઈન્ફ્રા, પ્રોજેકટની સમીક્ષા કરવામાં આવી હતી તથા કામોના અમલીકરણ, સમયબદ્ધતા તથા ગુણવતામાં કોઈ સમાધાન નહી કરવા તાકીદ કરી હતી. કેન્દ્ર તથા રાજયોના મુખ્ય સચીવો સાથે વડાપ્રધાને આ અંગે એક બેઠક યોજી હતી. આ પ્રકારના રેલવે, વિજળી, સડક તથા વિજ ક્ષેત્રના પ્રોજેકટ નવ રાજયોમાં ફેલાયેલા છે. વડાપ્રધાન આ પ્રકારના પ્રોજેકટને અલગ અલગ ભાગો કે પેકેજના બદલે સર્વગ્રાહી ઈન્ટ્રીગ્રેટેડ- સીસ્ટમ તરીકે જોવા જોઈએ. આ પ્રકારની યોજનાઓના વધતા બજેટ પર પણ વડાપ્રધાને આડકતરી રીતે ચિંતા દર્શાવતા કહ્યું કે યોજનામાં સમયસર અને બજેટ મુજબ પુરી થવી જોઈએ તથા દરેક તબકકે ગુણવતાની ગેરેન્ટી તથા મોનેટરીંગ હોવું જોઈએ. વડાપ્રધાને વિજ પરિવહન યોજનાઓ પર કહ્યું કે ફકત વિજ ઉત્પાદન વધારવું તે જરૂરી નથી તેના વિતરણ- વહનથી પણ જરૂરી છે. તેઓએ જણાવ્યું કે કોઈ બંધ (ડેમ) બનાવો પણ જો નહેર ન બનાવો તો બંધનો કોઈ અર્થ નથી.

### રૂ.૧૧૦૦૦ કરોડના ટેક્ષ વિવાદમાં રિલાયન્સ જીયોને રાહત: ટ્રીબ્યુનલે એસેસમેન્ટ ફગાવ્યું

મુંબઈ: દેશની સૌથી મોટી ટેલીકોમ કંપની રિલાયન્સ જીયોને આવકવેરા વિભાગ સામેના એક રૂ.૧૧૦૦૦ કરોડના ટેક્ષ- વિવાદ કેસમાં જબરી સફળતા મળી છે તથા આવકવેરા રિલાયન્સ જીયોએ કરેલી અપીલ સ્વીકારી રૂ.૧૧૦૦૩ કરોડની ટેક્ષ જવાબદારીનો હુકમ રદ કર્યો છે. આવકવેરા એસેસમેન્ટ વર્ષ ૨૦૧૯-૨૦ના આ કેસમાં રિલાયન્સ જીયોએ ટેક્ષ જવાબદારી સામે બે અપીલ કરી હતી જેમાં રિલાયન્સ જીયોએ જે ખર્ચને કેપીટલ ખર્ચ તરીકે દર્શાવ્યો હતો તેને આવકવેરા આકારણી રેવન્યુ ખર્ચ તરીકે ગણ્યા હતા. જેમાં ઈન્ટરકનેકટ ચાર્જ, કર્મચારીઓ પરના ખર્ચ, પ્રોફેશનલ ફી, કોલ સેન્ટર ખર્ચ વિજળી, મરામત વિ. ખર્ચ, વ્યાજ વિ. સામેલ હતા. ટ્રીબ્યુનલે તેના ચુકાદામાં જણાવ્યું કે જીયો ટેલીકોમ નેટવર્ક, એસેટસ જેમાં રેડીયો ઈકવીપમેન્ટ, ડકટ, રાઉટર, રેંક, બેટરી તથા અન્ય ઈલેકટ્રોનીક સાધનો ખરીદવા, નિર્માણ કરવા કુલ ખર્ચથી અલગ કેપીટલાઈઝ કર્યા છે. એસેસમેન્ટમાં એવું તારણ અપાયું હતુ કે આ પ્રકારના ખર્ચ પર નિયમ ૩૨ મુજબ ઘસારો બાદ મળવો જોઈએ. તેથી તેની સામે ટેક્ષ, આકારણી બને છે પણ ટ્રીબ્યુનલે તે તર્ક સ્વીકાર્યો ન હતો અને એસેસમેન્ટનો જે ટેક્ષનો મુદો હતો તે રદ કર્યો હતો.

### આઈઆઈટી-દિલ્હીમાં વિદ્યાર્થીનાં આપઘાત બાદ મોડી રાત્રે વિરોધ પ્રદર્શન : કેમ્પસમાં ભારે તણાવ

નવી દિલ્હી તા, ૨૬ : આઈઆઈટી-દિલ્હીમાં એમ.એસસી ફિઝિક્સના ૩૧ વર્ષીય વિદ્યાર્થી ઋષિકેશ કુમારના કથિત આપઘાત બાદ કેમ્પસમાં વિદ્યાર્થીઓનું વિરોધ પ્રદર્શન ચોથા દિવસે પણ ઉગ્ર બન્યું છે. રોષે ભરાયેલાં વિદ્યાર્થીઓએ બિલ્ડિંગો અને કોરિડોર ઘેરીને મોડી રાત સુધી પ્રદર્શન કર્યું હતું, જેના પગલે કેમ્પસના કેટલાક ભાગોને સીલ કરી સુરક્ષા વધારી દેવામાં આવી છે. પ્રોટેસ્ટ કરી રહેલાં વિદ્યાર્થીઓની મુખ્ય માંગ છે કે વિદ્યાર્થી કલ્યાણ વિભાગનાં એસોસિએટ ડીન પ્રો. શ્રીદેવી ઉપાધ્યાયુલા, ડીન તેમજ ફિઝિક્સ વિભાગનાં વડા તાત્કાલિક રાજીનામું આપે, મૃતક વિદ્યાર્થીનાં પરિવારને રૂ.૧ કરોડનું વળતર આપવામાં આવે અને સમગ્ર ઘટનાની સ્વતંત્ર તપાસ કરાવવામાં આવે. વર્ષ ૨૦૨૩ પછી કેમ્પસમાં આપઘાતની આ ૮મી ઘટના હોવાથી વિદ્યાર્થીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.બીજી તરફ, આઈઆઈટી-દિલ્હીના ડિરેક્ટર રંગન બેનર્જીએ અધિકારીઓનાં રાજીનામાની માંગ ફગાવી દીધી છે અને બે અઠવાડિયામાં અહેવાલ સોંપવા માટે બાહ્ય તપાસ સમિતિની રચના કરવાની જાહેરાત કરી છે.

# ખાંડની સંગ્રહખોરી રોકવા મોટા સ્ટોર્સ અને ઓનલાઈન પ્લેટફોર્મ્સે ખરીદી પર મર્યાદા મૂકી

**ડી-માર્ટ, બ્લિંકિટ અને બિગબાસ્કેટ જેવા પ્લેટફોર્મ્સે ગ્રાહકદીઠ ૫ કિલો ખાંડનું રેશનિંગ શરૂ કર્યું**

નવી દિલ્હી તા, ૨૬

દેશમાં આગામી તહેવારોની મોસમ શરૂ થાય તે પહેલાં જ ખાંડના પુરવઠામાં ખેંચ ઉભી થઈ છે, જેનાં કારણે ગ્રાહકો અને પેકડ ફૂડ બનાવતી કંપનીઓ માટે મુશ્કેલીઓ વધી છે. છેલ્લાં બે મહિનામાં જ ખાંડના રિટેલ ભાવમાં લગભગ ૪૦ ટકા જેટલો જંગી વધારો નોંધાયો છે. આ પરિસ્થિતિને પહોંચી વળવા અને જથ્થો જાળવી રાખવા માટે સુપરમાર્કેટ ચેઈન ડી-માર્ટ તેમજ બ્લિંકિટ, બિગબાસ્કેટ અને સ્વિગી ઇન્સ્ટામાર્ટ જેવાં ક્વિક-કોમર્સ પ્લેટફોર્મ્સે ગ્રાહકો માટે ખાંડની ખરીદી પર મર્યાદા (કેપ) મૂકી દીધી છે.

હાલમાં મોટાભાગનાં સ્ટોર્સ અને ઓનલાઈન એપ્લિકેશન્સ પર પ્રતિ ગ્રાહક ૧ કિલોના ૩ થી ૫ પેકેટ અથવા ૫ કિલોનું એક જ પેકેટ ખરીદવાનો નિયમ લાગું કરી દેવાયો છે. ઉદાહરણ તરીકે, પુણેના ડી-માર્ટમાં એક બિલ પર માત્ર ૫ કિલો ખાંડ આપવાનું બોર્ડ મારી દેવાયું છે, જ્યારે દિલ્હી અને પુણે જેવા શહેરોમાં એપ્લિકેશન્સ પર ગ્રાહકોને ''મર્યાદિત જથ્થો ઉપલબ્ધ છે'' તેવો મેસેજ બતાવીને ૧ થી ૫ કિલોથી વધુનો ઓર્ડર લેવાનું બંધ કરાયું છે. સ્ટોર્સનો હેતુ એ છે કે વધુમાં વધુ ગ્રાહકોને ખાંડ મળી રહે અને કોઈ એક જ વ્યક્તિ બધો જથ્થો ખરીદી ન જાય.આ ભાવવધારા પાછળનું મુખ્ય કારણ ખાંડના ઉત્પાદનમાં અપેક્ષા કરતાં આવેલો મોટો ઘટાડો છે. સુગર ઈન્ડસ્ટ્રીના સંગઠનો (જેમ કે ISMA) દ્વારા ઉત્પાદનના ખોટા અંદાજો લગાવાયા હતા, અને તે દરમિયાન દેશમાંથી ૮ લાખ ટન ખાંડની નિકાસ પણ થઈ ગઈ હતી. વધુમાં, કેટલાક વેપારીઓ દ્વારા કરવામાં આવેલી સંગ્રહખોરીને કારણે પણ બજારમાં કૃત્રિમ અછત સર્જાઈ છે. મિલ સ્તરે જે ખાંડ જૂનના પ્રથમ અઠવાડિયામાં ૪૧ પ્રતિ કિલો હતી, તે વધીને ૬૫ સુધી પહોંચી ગઈ હતી. જોકે સરકારી પગલાં બાદ તે ઘટીને ૫૮ આસપાસ આવી છે. પરિસ્થિતિ કાબૂમાં લેવા સરકારે ગયા અઠવાડિયે ૧૦ લાખ ટન ખાંડની આયાત કરવાની મંજૂરી આપી છે. ખાંડ ઉપરાંત ખાદ્યતેલના ભાવ પણ ઊંચા જતાં પેકેજ્ડ ફૂડ અને નાસ્તા (ફરસાણ) બનાવતી કંપનીઓ પર માર્જિનનું ભારે દબાણ આવી ગયું છે. તહેવારોની મોસમમાં જ્યારે ખાંડ અને તેલની માંગ સૌથી વધુ હોય છે, ત્યારે જ કાચા માલના ભાવ વધવાથી કંપનીઓ પોતાનાં ઉત્પાદનોની કિંમતોમાં ૫ ટકાથી ૬ ટકાનો વધારો કરવાની તૈયારી કરી રહી છે. ઉત્પાદકોનું કહેવું છે કે જો ખાંડના ભાવ ઊંચા રહેશે તો ગ્રાહકો પર આ મોંઘવારીનો બોજ પાસ કરવા સિવાય તેમની પાસે બીજો કોઈ વિકલ્પ નથી.

**શ્રી રામા મલ્ટી-ટેક લિમિટેડ**
નોંધણીકૃત ઓફિસ : ૧૫૫૭, મોતીભોયાણ, કલોલ -ખત્રીજ રોડ, તાલુકો : કલોલ, જી.ગાંધીનગર-૩૮૨૭૨૧
ફોન : ૦૭૯-૬૬૭૪૭૧૦૧, ૬૬૭૪૭૧૦૨ ઈમેઈલ : info@srmtl.com
વેબસાઈટ : www.srmtl.com, CIN No. L25200GJ1993PLC020880

**૩૨ મી વાર્ષિક સામાન્ય સભા અને ઈ-વોટિંગ માહિતીની સૂચના**

આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે શ્રી રામા મલ્ટી-ટેક લિમિટેડ (કંપની) ની ૩૨ મી વાર્ષિક સામાન્ય સભા (AGM) શુક્રવાર, ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ વાગ્યે વિડીયો કોન્ફરન્સિંગ (VC) / અન્ય ઓડીયો વિઝ્યુઅલ મીન્સ (OAVM) દ્વારા યોજાશે જેથી કંપનીની ૩૨ મી વાર્ષિક સામાન્ય સભા બોલાવવાની સૂચનામાં દર્શાવેલ વ્યવસાયનું સંચાલન કરી શકાય.

કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ("ધ એક્ટ") અને તેના હેઠળ જારી કરાયેલા નિયમો અને સિક્યોરિટીઝ એન્ડ એક્ષચેંજ બોર્ડ ઓફ ઈન્ડિયા ("SEBI") (લિસ્ટીંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ. 2015 ("ધ લિસ્ટીંગ રેગ્યુલેશન્સ") ની બધી લાગુ જોગવાઈઓનું પાલન કરીને, જે 5 મે 2020 ના રોજ જનરલ પરિપત્ર નંબર 20/2020, 09/2024 તારીખ 19 સપ્ટેમ્બર ૨૦૨૪ અને ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ કોર્પોરેટ બાબતોના મંત્રાલય ("MCA") દ્વાર જારી કરાયેલા નવીનતમ 3/ 2025, MCA અને SEBI (ત્યારબાદ સામૂહીક રીતે " ધ પરિપત્રો " તરીકે ઓળખાય છે) દ્વારા જારી કરાયેલા અન્ય લાગુ પરિપત્રો સાથે વાંચવામાં આવે છે, કંપનીની AGM VC/OAVM દ્વારા યોજાશે.

ઉપરોક્ત પરિપત્રોના પાલનમાં, નાણાકીય વર્ષ 2025-26 માટે AGM અને વાર્ષિક અહેવાલ બોલાવવાની સૂચના ઈલેક્ટ્રોનિક રીતે એવા બધા શેર ધારકોને મોકલવામાં આવી છે જેમના ઈમેલ સરનામાં કંપની અને / અથવા ડિપોઝિટરી સહભાગી (ઓ) ("Dps"). સાથે નોંધાયેલા છે. જે શેર ધારકોના ઈમેલ આઈડી નોધાયેલા નથી, તેમના શેર ધારકોને AGM અને નાણાકીય વર્ષ 2025-26 માટે વાર્ષિક અહેવાલ ની સૂચના મેળવવા માટે વેબલીંક અને QR કોડ પ્રદાન કરતો પત્ર મોકલવામાં આવ્યો છે.

સભ્યોએ નોંધ લેવી જોઈએ કે સૂચના અને વાર્ષિક અહેવાલ 2025-26 કંપનીની વેબ સાઈટ www.srmtl.com પર અપલોડ કરવામાં આવ્યો છે. આ નોટિસ સ્ટોક એક્ષચેંજ એટલે કે BSE લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્ષચેંજ ઓફ ઈન્ડિયા લિમિટેડ ની વેબ સાઈટ www.bseindia.com અને www.nseindia.com પરથી પણ મેળવી શકાય છે અને AGM નોટિસ KfinTechnologies Limited ("Kfin") (AGM દરમ્યાન રિમોટ ઈવોટીંગ સુવિધા અને ઈવોટીંગ સિસ્ટમ પુરી પાડવા માટેની એજન્સી) ની વેબ સાઈટ https://evoting.kfitech.com પર પણ ઉપલબ્ધ છે સભ્યો ફક્ત VC/OAVM દ્વારા જ આગામી AGM માં હાજરી આપી શકે છે અને ભાગ લઈ શકે છે. કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ની કલમ ૧૦૩ હેઠળ કોરમ સુનિશ્ચિત કરવા માંટે VC/OAVM દ્વારા AGM માં હાજરી આપનારા સભ્યોની હાજરી ગણવામાં આવશે. VC/OAVM દ્વાર AGM માં હાજરી આપવાની વિગત વાર પ્રક્રિયા AGM ની નોટિસમાં આપવામાં આવી છે.

કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ની કલમ ૧૦૮, કંપનીઝ (મેનેજમેન્ટ અને એડમિનિસ્ટેશન) રૂલ્સ, ૨૦૧૪ ના નિયમ ૨૦, સેબી (LODR) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના રેગ્યુલેશન્સ ૪૪ અને MCA પરિપત્રોના સંદર્ભમાં કંપનીના સભ્યોને નોટિસમાં ઉલ્લેખીત વાર્ષિક સામાન્ય સભામાં વ્યવહાર કરવાનાં કોઈપણ અથવા બધા વ્યવસાયો પર kfin દ્વાર પુરી પાડવામાં આવતી ઈ-વોટીંગ સેવાઓ દ્વારા ઈલેક્ટ્રોનીક માધ્યમથી તેમાના મતનો ઉપયોગ કરવાની સુવિધા આપવામાં આવે છે. સભ્યોના મતદાન અધિકારો **શુક્રવાર, ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ (કટ-ઓફ તારીખ)** ના રોજ કંપનીની પેઈડ-અપ શેર મુડીમાં તેમના દ્વાર રાખવામાં આવેલા ઈક્વીટી શેરના પ્રમાણમાં રહેશે. કટ-ઓફ તારીખ એટલે કે : શુક્રવાર, ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ ભૌતિક સ્વરૂપમાં અથવા ડિમટીરીયલાઈઝડ સ્વરૂપમાં શેર ધરાવતા કંપનીના સભ્યો ફક્ત AGM દરમિયાન રિમોટ ઈ-વોટીંગ અથવા મતદાનની સુવિધા મેળવવા માટે હકદાર રહેશે. મીટીંગ દરમ્યાન રિમોટ ઈ-વોટીંગ માટેની વિગત વાર પ્રક્રિયા AGM ની સૂચનામાં આપવામાં આવી છે.

**રિમોટ ઈ-વોટિંગ મંગળવાર, ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ (સવારે ૦૯: ૦૦ વાગ્યે) થી શરૂ થશે અને ગુરૂવાર, ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ (સાંજે ૦૫:૦૦ વાગ્યો) ના રોજ સમાપ્ત થશે** Kfin દ્વારા રિમોટ ઈ-વોટિંગ મોડ્યુલને ત્યારબાદ મતદાન માટે અક્ષમ કરવામાં આવશે. સભ્ય રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત આપ્યા પછી પણ AGM માં હાજરી આપી શકે છે પરંતુ મિટીંગ દરમ્યાન તેમને ફરીથી મતદાન કરવાની મંજૂરી આપવામાં આવશે નહિં. જે સભ્યોએ રિમોટ ઈ-વોટિંગ દ્વારા મતદાન કર્યું નથી તેઓ મિટીંગ દરમ્યાન હાજરી આપી શકે છે અને મતદાન કરી શકે છે. જો AGM દરમ્યાન ઉપલબ્ધ ઈ-વોટિંગ દ્વારા શેર ધારકો દ્વારા કોઈમત આપવામાં આવે છે અને જો તેજ શેર ધારકોએ VC/OAVM સુવિધા દ્વાર મિટીંગ ભાગ લીધો નથી તો આવા શેર ધારકો દ્વાર આપવામાં આવેલા મત અમાન્ય ગણવામાં આવશે. કારણ કે મિટીંગ દરમાય્ન ઈ-વોટિંગની સુવિધા ફક્ત મિટિંગમાં હાજરી આપનારા શેર ધારકો માટે જ ઉપલબ્ધ છે.

નોટિસ ઈલેક્ટ્રોનિક મોડ દ્વારા મોકલવામાં આવ્યા પછી કટ ઓફ તારીખ એટલે કે શુક્રવાર ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ અને શેર ધરાવનાર કોઈપણ વ્યક્તિ સભ્ય બને છે, તે einwsrd.ris@kfintech.com પર અથવા કંપનીને cslegal@srmtl.com પર વિનંતી મોકલીને અથવા નોટિસમાં દર્શાવેલ સુચનાઓ અનુસાર વપરાશકર્તા આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે.

રિમોટ ઈ-વોટિંગ પ્રક્રિયા સંબંધિત કોઈપણ પ્રશ્નો/ફરિયાદોના કિસ્સામાં, સભ્યો https://evoting.kfitech.com ના ડાઉનલોડ વિભાગમાં વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) અને સભ્યો માટે ઈ-વોટિંગ વપરાશ કર્તા માર્ગદર્શિકાનો સંદર્ભ લઈ શકે છે અથવા ટોલ ફ્રી : 1-800-309-4001 પર કોલ કરી શકે છે અથવા નિયુક્ત ઈમેઈલ આઈડી einward.ris@kfintech.com પર વિનંતી મોકલી શકે છે.

કોઈપણ ટેકનીક માટે ડીમેટ મોડમાં સિક્યોરીટીઝ ધરાવતા વ્યક્તિગત શેર ધારકો માટે હેલ્પ ડેસ્ક ડિપોઝિટરી એટલે કે NSDL અને CDSL દ્વાર લોગીન સબંધીત સમસ્યાઓ.

| લોગીન પ્રકાર | હેલ્થ ડેસ્ક વિગતો |
|---|---|
| NSDL પાસે રાખેલી સિક્યોરીટીઝ | કૃપા કરીને evoting@nsdl.co.in પર વિનંતી મોકલીને NSDL હેલ્પ ડેસ્કનો સંપર્ક કરો અથવા ટોલ ફ્રી નંબર : 022-4886 7000 પર કોલ કરો. |
| CDSL પાસે રાખેલી સિક્યોરીટીઝ | કૃપા કરીને helpdesk.evoting@cdsindia.com પર વિનંતી મોકલીને CDSL હેલ્પ ડેસ્કનો સંપર્ક કરો અથવા ટોલ ફ્રી નંબર : 1800-21-09911 પર સંપર્ક કરો. |

સમય સર સંદેશા વ્યવહાર મેળવવા માટે કૃપા કરીને કંપની / તમારા ડિપોઝિટરી સહભાગી(ઓ) સાથે તમારૂં અપડેટેડ ઈ-મેઈલ ID નોંધાયેલ રાખો.

ડિરેક્ટર બોર્ડના આદેશ દ્વારા
શ્રી રામા મલ્ટી-ટેક લિમિટેડ માટે
સહી
મિર્તુંજ્ય એસ. મિશ્રા
કંપની સેક્રેટરી અને પાલન અધિકારી
સભ્યપદ નંબર A76112

તારીખ : ૨૬ ઓગષ્ટ, ૨૦૨૬
સ્થળ : મોતી-ભોયાણ